# અગડદત્ત કથા

## ❑ શ્રીમતી કલ્પના કનુભાઈ શેઠ

**પ્રાસ્તાવિક**

માનવહૃદયમાં જીજ્ઞાસા અને કુતૂહલની લહેરો એકઠી કરી તેને ફરી ક્રમે ક્રમે સંતોષવાની અદ્ભુત શક્તિ કથામાં રહેલી છે, જેથી શ્રોતાજનો કથા સાંભળતી વખતે તેમાં એકાકાર થઈ જાય છે. આબાલ-વૃદ્ધ દરેક માનવીને કથા-વાર્તામાં અખૂટ રસ પડે છે. જેથી દરેક દેશને પોતાની કથાઓ-લોકકથાઓ હોય છે. આમ કથા સર્જવાની વૃત્તિ આદિમાનવ જેટલી પ્રાચીન ગણી શકાય. પ્રથમ તો કથાઓ મૌખિક પરંપરામાં જ હતી, ક્રમશઃ તેનો વિકાસ થતાં સ્વકીય પોત દર્શાવતું લોકસાહિત્ય ભારતમાં ઇ. સ. પૂર્વેની બીજી કે ત્રીજી શતાબ્દીથી પ્રાપ્ત થાય છે. ભારતમાં ઈ. સ. પૂર્વેની ૧૫૦૦ની આસપાસ આર્યોના આગમનથી કથાસાહિત્યનો ઉદ્ગમ અને વિકાસ દેખાય છે.

ભારતની ત્રણે પરંપરા-વૈદિક, બૌદ્ધ અને જૈનમાં આવું સાહિત્ય રચાયેલું છે. તેમાં જૈન પરંપરામાં વિપુલ પ્રમાણમાં કથાસાહિત્ય પ્રાપ્ત થાય છે. જૈનપરંપરામાં સૌપ્રથમ એના આગમસાહિત્ય અને તેના પર લખાયેલા ટીકાત્મક સાહિત્ય-નિયુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાસાહિત્યમાં આવી કથાઓ સાંપડે છે. આમાં જૈન પરંપરામાં પ્રચલિત એવા સ્થૂલિભદ્ર, કરકંડુ, મૃગાપુત્ર જેવા ધાર્મિક પુરુષો અને મૃગાવતી, સુલસા, સુભદ્રા જેવી ધાર્મિક સ્ત્રીઓની ચરિત્રકથા નોંધપાત્ર છે. આ પછી એ વિષય પર જૈન મુનિઓએ સ્વતંત્ર ચરિત્રકથાગ્રંથો રચ્યા છે, આવી અનેક ચરિત્રકથાઓમાંની એક છે અગડદત્તમુનિની કથા, જૈન પરંપરામાં અગડદત્ત અંગેની કથાને મહત્ત્વપૂર્ણ સ્થાન છે. પરિણામે જૈન સાહિત્યમાં આ કથાને આધારે અનેક કૃતિઓ જેવી કે આખ્યાન કાવ્યો, રાસ, પ્રબંધની રચના જૈન વિદ્વાનોએ કરી છે.[૧]

સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, રાજસ્થાની વગેરે અનેક ભાષામાં ગદ્ય અને પદ્યમાં અગડદત્ત અંગેનું કથાસાહિત્ય ઉપલબ્ધ છે.

આ કથા જૈન પરંપરામાં સર્વપ્રથમ પાંચમી શતાબ્દીમાં સંઘદાસગણ દ્વારા રચાયેલ પ્રાકૃતકથાગ્રંથ 'વસુદેવ હિન્ડી' અન્તર્ગત પ્રાપ્ત 'ધમ્મિલહિન્ડી' કથામાં એક ઉદાહરણ રૂપે પ્રાપ્ત થાય છે.[૨] આ પછી આઠમી શતાબ્દીમાં જિનદાસ ગણિ કૃત 'ઉત્તરાધ્યયન ચૂર્ણિ'માં તે એક દૃષ્ટાંત લેખે જોવા મળે છે. આ પછી આ કથા પ્રાકૃતમાં વાદિવેતાલ શાંતિસૂરિ કૃત 'ઉત્તરાધ્યયન ટીકા' (ઇ. સ.) અને નેમિચંદ્રસૂરિ કૃત ઉત્તરાધ્યયન ટીકા (ઇ. સ. ૧૯૬૩)માંથી મળી આવી છે. કોઈ એક અજ્ઞાત કવિ કૃત 'અગડદત્તચરિત્ર' પ્રકાશિત થયેલ છે. પણ એની રચના ક્યારે થઈ તે અનિશ્ચિત હોવાથી તે અંગે ચોક્કસપણે કાંઈ જ કહી શકાય તેમ નથી.

આ કથાની પરંપરા આગળ જતાં લોકભાષા ગુજરાતી અને રાજસ્થાનીમાં ઈ. સ. ૧૬મી સદીથી મનાય છે, જે લગભગ ૧૮મી સદી સુધી સતત ચાલુ રહે છે. અગડદત્ત સંબંધિત પ્રાપ્ત કાવ્યોની સૂચિ આ પ્રમાણે છે :

(૧) અગડદત્ત રાસ (સં. ૧૫૮૪ અષાઢ વદી ૧૪ શનિવાર) ભીમકૃત.[૩]

(૨) અગડદત્ત મુનિ ચોપઈ (સં. ૧૬૦૧) સુમતિકૃત.[૪]

(૩) અગડદત્ત રાસ (સં. ૧૬૨૫, કારતક સુદ ૧૫, ગુરુવાર) કુશલલાભ કૃત[૫]

(૪) અગડદત્ત પ્રબંધ (સં. ૧૬૬૬) શ્રી સુંદર કૃત[૬]

(૫) અગડદત્ત ચોપાઈ સં. ૧૬૭૦) ક્ષેમકલશ કૃત[૭]

(૬) અગડદત્ત રાસ (રચના સં. ૧૬૭૯) લલિતકીર્તિ કૃત[૮]

(૭) અગડદત્ત રાસ (સં. ૧૭મી શતાબ્દી) ગુણવિનય કૃત[૯]

(૮) અગડદત્ત રાસ (રચના સં. ૧૬૮૫) સ્થાનસાગર કૃત[૧૦]

(૯) અગડદત્ત ચોપાઈ (રચના સં. ૧૭૦૩) (પુણ્યનિધાન કૃત)[૧૧]

(૧૦) અગડદત્ત રાસ - કલ્યાણસાગર કૃત'[૧૨]

(૧૧) અગડદત્ત ઋષિ ચોપાઈ (ર સં. ૧૭૮૭) શાંતિસૌભાગ્ય કૃત[૧૩]

(૧૨) અગડદત્ત રાસ (અપૂર્ણ)[૧૪]

આ બધી ગુજરાતી અને રાજસ્થાનીમાં ઉપલબ્ધ કૃતિઓમાં કુશલલાભ રચિત કૃતિ 'અગડદત્તરાસ' વિશેષ રસપ્રદ હોઈ તેનો સંક્ષિપ્ત સાર અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

**અગડદત્તનો પરિચય :**

વસંતપુર નગરમાં ભીમસેન રાજા, તેને સુંદરી નામે પટરાણી, તેને સૂરસેન નામે સામંત, તેને અગડદત્ત નામે પુત્ર. સૂરસેનની ખ્યાતિથી આકર્ષાઈ એક સુભટ રાજા પાસે આવ્યો. રાજાની અનુમતિ મેળવી સુભટ અને સૂરસેન વચ્ચે યુદ્ધ થયું, જેમાં સૂરસેન મરાયો. રાજાએ સુભટને સેનાપતિ બનાવી અભંગસેન નામ આપ્યું. આ ઘટનાથી અગડદત્તની માતા દુઃખી થઈ કેમકે સૂરસેનની ઇચ્છા પોતાના પછી પુત્ર અગડદત્તને સેનાપતિ બનાવવાની હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અગડદત્તની શિક્ષા :**

**સોમદત્ત બ્રાહ્મણ સાથે મિલન - શસ્ત્રવિદ્યામાં પારંગતતા :**

અગડદત્તના પિતાની ઇચ્છા તેને શસ્ત્રમાં પારંગત બનાવવાની હતી તેવી રીતે માતા પણ શસ્ત્રવિદ્યા પ્રાપ્ત કરી અભંગસેનને હરાવે તેમ ઇચ્છતી હતી. આથી તે આઠ વર્ષનો થતાં તેને ચંપાપુરીમાં સોમદત્ત બ્રાહ્મણ પાસે યુદ્ધકલા વિદ્યા શીખવા મૂક્યો. અગડદત્તે પોતાનો સમગ્ર વૃત્તાંત સોમદત્તને કહ્યો આથી તે તેને શસ્ત્રવિદ્યા શીખવવા સંમત થયો. તેણે એના રહેવા-જમવાની વ્યવસ્થા એક વ્યવહારી (વેપારી)ના ઘરે કરી આપી. તે વેપારીને મદનમંજરી નામે સ્વરૂપવાન પુત્રી હતી.

**'અગડદત્તનો મદનમંજરી સાથે પરિચય અને વિવાહ-વચન' :**

વણિકગૃહે રહેતો અગડદત્ત એકવાર વૃક્ષવાટિકામાં બેસી અભ્યાસ કરતો હતો ત્યારે મદનમંજરીએ તેને જોયો અને તે એના પર મોહિત થઈ. પોતાના ઝરૂખામાંથી નીકળી ઝાડની ડાળીએ-ડાળીએ કૂદતી તે અગડદત્ત પાસે આવી પહોંચી અને પોતાના પ્રેમનો એકરાર કર્યો. અગડદત્તે પ્રથમ અભ્યાસ પૂર્ણ કરવા તરફ જ લક્ષ રાખવાનું જણાવી એના પ્રેમને ઇન્કાર કર્યો. તેના આગ્રહને વશ થઈ અભ્યાસ પૂર્ણ થયા પછી એની સાથે વિવાહ કરવાનું વચન આપ્યું.

**રાજા સાથે મિલન - ચોરને પકડવાનું બીડું ઝડપી તેમાંથી સફળ પાર ઊતરવું :**

અભ્યાસ પૂર્ણ થયા પછી સોમદત્તે અગડદત્ત અને મદનમંજરીના વિવાહનો પ્રસ્તાવ રાજા સમક્ષ મૂક્યો. રાજાએ તેને બોલાવ્યો. બરાબર તે જ સમયે નગરના મહાજન, શ્રેષ્ઠીજનો નગરમાં પ્રવર્તી રહેલા ચોરના ઉપદ્રવ વિષે ફરિયાદ કરવા રાજા પાસે આવ્યા. રાજાએ ચોર પકડવાનું બીડું ફેરવ્યું અને ચોરને પકડી લાવનારને સવાલાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું. અગડદત્તે તે બીડું ઝડપી લીધું અને સાત દિવસમાંજ ચોર પકડી આપવાનું વચન આપ્યું. ચોરની તપાસાર્થે અગડદત્તે વેશ્યાગૃહો, જુગારીના અડ્ડા, ભિક્ષાગૃહો, સભા, ઉદ્યાન જેવા ચોરના સામાન્ય ઠેકાણાંઓ પર તપાસ કરી પરંતુ ચોરનો પત્તો મળ્યો નહીં. આમ કરતાં છ દિવસ પસાર થઈ ગયા. સાતમે દિવસે ચિંતાતુર બની ચોર વિષે વિચાર કરતો, તે એક ઝાડ નીચે બેઠો હતો ત્યારે તેણે એક યોગીને જોયો જે એને ચોર હોવાની શંકા ગઈ એટલે તે યોગી પાસે ગયો અને પોતાની ઓળખ આપતાં કહ્યું કે પોતે એક જુગારી છે. જુગારમાં બધું ધન હારી જઈ ચોરી કરવા નીકળ્યો છે. આ સાંભળી યોગીએ તેને પોતાની સાથે લીધો.

આ પછી યોગી વેશબદલી અગડદત્ત સાથે ચોરી કરવા નીકળ્યો. તેમણે 'સાગરસેવી' નામના વેપારીના ઘરે છાપો માર્યો. ત્યાંથી ઘણું બધું ધન એકઠું કરી પોતાના નિશ્ચિત ઠેકાણે ગયો જ્યાં તેના અનેક માણસો સૂતાં હતાં. તેણે અગડદત્તને પણ તેઓની સાથે સૂઈ જવા કહ્યું. ઊંઘી ગયાનો ઢોંગ કરી તો અગડદત્ત ત્યાં સૂઈ રહ્યો. થોડીવાર પછી પેલા યોગી રૂપી ચોરે તેના સૂતેલા માણસોનાં માથાં એકપછી એક કાપી નાખ્યાં. આ જોઈ અગડદત્ત સાવધાન થઈ ગયો. જેવો તે યોગી ચોર તેની પાસે આવ્યો કે તરત જ અગડદત્તે તેના પર મરણતોલ પ્રહાર કર્યો. મરતી વખતે યોગીચોરે તેને કહ્યું, સામે 'પર્વત પર રહેલા પીપળાના ઝાડ પાસે જઈ મારી બેન વીરમતીને આ તલવાર આપજે જેથી તે તારી સાથે લગ્ન કરશે. મારો વધ કરનારને જ તે વરશે તેવી તેની પ્રતિજ્ઞા છે.'

તલવાર લઈ અગડદત્ત પેલા પીપળાના ઝાડ પાસે ગયો. ત્યાં ગુફામાં વીરમતીને મળ્યો. તલવાર જોઈ પોતાના ભાઈની હત્યા થઈ છે અને આ જ હત્યારો છે તેમ તે સમજી ગઈ. આનો બદલો લેવા તેણે અગડદત્તને આવકાર્યો અને પ્રેમપૂર્વક પલંગ પર બેસાડ્યો. તે ગૃહના ઉપલે માળે ગઈ. અગડદત્ત સ્ત્રીચારિત્રથી જ્ઞાત હતો તેથી તે પલંગ પરથી ઊઠી જઈ ખૂણામાં ઊભો રહી ગયો. વીરમતીએ ઉપરથી એક મોટી શિલા પાડી જેથી પલંગના ચૂરેચૂરા થઈ ગયા. નીચે ઊતરી તો અગડદત્તને સલામત જોઈ તેને આશ્ચર્ય થયું. તેણે અગડદત્ત પર તલવારથી હુમલો કર્યો પરંતુ તે બચી ગયો. વીરમતી અને તેનો સંપૂર્ણ ખજાનો લઈ અગડદત્તરાજા પાસે ગયો.

**અગડદત્તનું મદનમંજરી સાથે સ્વગૃહે આગમન- સરોવરતીરે દેવળમાં સર્પદંશથી મૃત્યુ અને વિદ્યાધર દ્વારા પુનર્જીવન :**

અગડદત્તને મળી રાજા ખૂબ પ્રસન્ન થયા અને તેણે એનાં મદનમંજરી સાથે લગ્ન કરાવી આપ્યાં. અગડદત્ત પછી પત્નીને લઈ વસંતપુર જવા નીકળ્યો. રસ્તામાં ગોકુલ નામે સ્થળે પહોંચતાં લોકોએ જાણ કરી કે તે રસ્તો ભૂલી ગયો છે. હવે 'જે માર્ગથી જવાય છે ત્યાં વચ્ચે નદી, સિંહ, સાપ, અને ચોર - આ ચાર મોટાં ભયસ્થાનો છે. અને તેનો સામનો કરવો મુશ્કેલ છે. લોકો તથા મદનમંજરીની ના હોવા છતાં પણ તેણે તે વિકટ રસ્તો અપનાવ્યો. બધાં સંકટોને પાર કરતો તે વસંતપુર પહોંચ્યો તો તેના કુટુંબીઓએ તેનું ભાવ્ય સ્વાગત કર્યું.

અભંગસેન ત્યાં સ્વાગતાર્થે આવ્યો હતો તે સમયે તે બંને વચ્ચે દ્વંદ્વ યુદ્ધ થયું જેમાં અભંગસેન હાર્યો અને મરાયો. રાજાએ અગડદત્તને સેનાપતિપદ આપ્યું. અગડદત્ત પત્ની સાથે એક રાત્રિ ત્યાં રોકાયો. અગડદત્તની ગેરહાજરીમાં મદનમંજરી સરોવર પાસે રહેલા કોઈ એક પરપુરુષ સાથે સંભોગ કરવા લાગી. આકાશમાર્ગે જતાં વિદ્યાધરે આ જોયું. તેને દુઃખ થયું અને તે ગુસ્સે પણ થયો. તેને મારવા માટે વિદ્યાધર નીચે આવ્યો ત્યાંજ મદનમંજરીને એક કાળોતરો સર્પ ડસ્યો અને તે નિશ્ચેતન થઈ ઢળી પડી. ત્યાં આવી પહોંચેલો અગડદત્ત આ જોઈ ખૂબ વિલાપ કરવા લાગ્યો. તે તેની સાથે બળી મરવા તૈયાર થયો. વિદ્યાધરે તેને સમજાવ્યું કે સ્ત્રીજાત તો હલકી, અધમ છે તો તેની પાછળ શોક કરવો વ્યર્થ છે. છતાં પણ અગડદત્ત ન માન્યો ત્યારે વિદ્યાધરે મંત્રપ્રયોગ દ્વારા મદનમંજરીને પુનર્જીવિત કરી.

અગડદત્તને મદનમંજરીએ સમીપમાં રહેલા દેવળમાં જઈ આરામ કરવા કહ્યું. ત્યાં દેવળમાં અંધારું હતું તેથી તેને દીવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રગટાવવા અગ્નિ લાવવા કહ્યું. અગડદત્ત અગ્નિની શોધમાં નીકળ્યો. તે દરમ્યાન મદનમંજરીની મુલાકાત દેવળમાં છુપાયેલા ત્રણ ચોરો સાથે થઈ. વાતચીત દરમ્યાન મદનમંજરીએ તેઓને કહ્યું કે, 'હું મારા પતિની હત્યા કરીશ અને તમે મને તમારી સાથે લઈ જજો' પ્રથમ ચોરોએ આનાકાની કરી પછી સંમત થયા. મદનમંજરીએ ચોરના દીવાથી દેવળમાં પ્રકાશ કર્યો. અગડદત્ત આગ લઈ પાછો ફરતો હતો ત્યારે તેના પ્રવેશપૂર્વે તેણે દેવળમાં પ્રકાશ જોયો. દેવળમાં આવી તેણે મદનમંજરીને પ્રકાશ વિષે પૂછ્યું ત્યારે તેણે કહ્યું, 'તમે જે આગ લઈ આવ્યાં તેનું પ્રતિબિંબ હશે. દીવો પ્રગટાવવા અગડદત્તે હાથમાંનું ખંજર મદનમંજરીને પકડવા આવ્યું ત્યારે તેણે એનો વધ કરવા ખડ્ગથી પ્રહાર કર્યો પરંતુ તે નિશાન ચૂકી ગઈ અને ખડ્ગ દૂર જઈ પડ્યું, અગડદત્તે ખડ્ગ પડવા અંગે પૃચ્છા કરી ત્યારે તેણે કહ્યું, 'ખડ્ગ ઊલટું પકડાયું હતું જેથી પડી ગયું.'

ત્રણે ચોરોએ આ ઘટના જોઈ. તેઓ સ્ત્રીચરિત્ર અને સંસારની નિઃસારતા વિષે વિચારવા લાગ્યા. સ્ત્રી કામવાસનાને વશ થઈ સ્વાર્થી બની પોતાના પતિની નિર્દોષ હત્યા કરે છે તેવું ચિંતન કરતાં તેમનામાં વૈરાગ્ય ભાવ ઊત્પન્ન થયો અને ત્યાંથી ચાલી નીકળ્યા. આગળ જતાં તેઓને મુનિનો ભેટો થયો અને ત્રણેએ તેમની પાસે દીક્ષા લીધી. અગડદત્ત પત્ની સાથે પોતાના ગૃહે પહોંચ્યો અને પુત્રવાન બન્યો.

**પ્રધાન સાથે ફરતાં મુનિ ભુજંગમ રૂપી ચોર સાથે મિલન :**

એક દિવસ અગડદત્ત પોતાના પ્રધાન સાથે ફરતો મુનિ ભુજંગમ કે જે પૂર્વે ચોર હતો, ને તેના સાથી મુનિઓ સાથે તપશ્ચર્યા કરતો' હતો ત્યાં આવી પહોંચ્યો. તેણે તેઓનાં દર્શન કર્યા. આટલી યુવાવસ્થામાં વૈરાગ્ય ધારણ કરવાનું કારણ પૂછ્યું ત્યારે તેઓએ જણાવ્યું કે તેઓના વૈરાગ્યનું મૂળ કારણ અગડદત્ત છે. અગડદત્તે આ અગડદત્તનો પરિચય પૂછ્યો ત્યારે તેઓએ મંદનમંજરીનું દુરાચરણ, પરપુરુષ સાથે સંભોગ, દેવળમાં બનેલી ઘટના અને તેઓ સાથે કરેલી નાસી છૂટવાની યુક્તિ સહિત સર્વ હકીકતો કહી.

**અગડદત્તનો વૈરાગ્ય અને દીક્ષા :**

મુનિ બનેલા ચોર પાસેથી પોતાની કથા સાંભળીને અગડદત્ત દુઃખી થયો. સ્ત્રીચરિત્ર પર વિચાર કરતાં તેને સંસારની અસારતા અને વિષય લાલસા પ્રત્યે ઉદાસીનતા ઊભરાઈ. તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે મુનિ ભુજંગમ પાસે દીક્ષા અંગીકાર કરી. તે નવમું મોક્ષ પ્રાપ્ત કરી શિવપુરી પહોંચશે.

જૈન પરંપરાના આગમેતર ગ્રંથમાં આ કથા સર્વપ્રથમ આપણને 'વસુદેવહિંડી' માંથી મળી આવે છે જેનો સાર નીચે પ્રમાણે છે.

**અગડદત્તનો પરિચય :**

ઉજ્જયિની નગરીમાં જિતશત્રુ નામે રાજા, તેને અમોઘરથ નામે સારથી, યશોમતી એની પત્ની, એને અગડદત્ત નામે સુંદર પુત્ર હતો. વારંવાર રડતી અને દુઃખી થતી પોતાની માતા પાસેથી જાણ્યું કે અમોઘપ્રહારી સાથેની હરીફાઈમાં તેના પિતા મૃત્યુ પામ્યા છે અને માતા પોતાને શસ્ત્રવિદ્યામાં પારગામી બનાવવા ઇચ્છે છે.

**અગડત્તની શિક્ષા**

**દઢપ્રહારી સાથે મિલન - શસ્ત્રવિદ્યામાં પારંગતતા :**

આઠ વર્ષનો થતાં માતાએ કૌશાંબીનગરમાં રહેતા પિતાના પરમ મિત્ર દઢિપ્રહારી પાસે તેને મોકલ્યો. ત્યાં તેણે પોતાની બધી વાત કહી. દઢપ્રહારીએ તેને પુત્રતુલ્યમાની બધી વિદ્યા શીખવાડી. તેમાં તે પારંગત થયો.

**અગડદત્તનો શ્યામદત્તા સાથે પરિચય અને વિવાહવચન :**

અગડદત્ત ગુરુના ઘરની વૃક્ષ વાટિકામાં અભ્યાસ કરતો હતો ત્યારે ગુરુના પડોશમાં રહેતા યજ્ઞદત્તની પુત્રી શ્યામદત્તાએ તેને જોયો. તે એના પર મોહિત થઈ ગઈ. તે એની સમીપ જઈ પોતાના પ્રેમનો એકરાર કરી પોતાને સ્વીકારવાની જીદ કરવા લાગી. અગડદત્તે તેને વચન આપ્યું કે ઉજ્જયિની પાછા ફરતાં તે જરૂરથી તેને સાથે લઈ જશે અને લગ્ન કરશે.

**રાજા સાથે મિલન-ચોરને પકડવાનું બીડું ઝડપી તેમાંથી સફળ પાર ઊતરવું :**

એકવાર અગડદત્ત પોતાની કુશળતા દર્શાવવા રાજા પાસે રાજદરબારમાં ગયો. બધા તેની વિદ્યા પર પ્રસન્ન થયા. તે જ સમયે નગરના મહાજનોએ આવી રાજાને ચોર વિષયક ફરિયાદ કરી જણાવ્યું કે કોઈ ચોર નગરમાં અપૂર્વ રીતે ચોરી કરી ધન-લક્ષ્મી લૂંટી જાય છે. ત્યારે રાજાએ નગરરક્ષકને સાત રાત્રિમાં જ ચોર પકડી લાવવાનું કહ્યું. તે બીડું અગડદત્તે ઝડપી લીધું અને રાજાને વિનંતી કરતાં કહ્યું કે તે પોતે જ સાતરાત્રિમાં ચોર પકડી હાજર કરશે.

પાનાગાર, દ્યૂતશાળા, ધર્મશાળા, ભિક્ષુગૃહ, દાસીગૃહ, વેશ્યાગૃહ, ઉદ્યાન, શૂન્ય દેવળો જેવાં ચોરનાં સામાન્ય સ્થાનોએ તેણે ચોરની તપાસ કરી. પરંતુ તેનો પત્તો લાગ્યો નહિ. છ દિવસ તો આમ જ વીતી ગયા. સાતમે દિવસે જીર્ણ અને મેલાં કપડાં પહેરી ચિંતા કરતો તે આંબાના ઝાડ નીચે બેઠો હતો ત્યાં એક પરિવ્રાજક આવી બેઠો અને અગડદત્તને તેની ઓળખી પૂછી. અગડદત્તે કહ્યું, પોતે ઉજ્જયિનીનો વતની છે, અને વૈભવ ક્ષીણ થતાં રખડે છે. પરિવ્રાજકે પોતે તેને વિપુલ ધન અપાવશે એમ કહી તેને પોતાની સાથે લીધો. પરિવ્રાજક રૂપી ચોરે ધનિક માણસના ઘરમાં ખાતર પાડ્યું. અંદર જઈ અનેક પ્રકારના માલ ભરેલી પેટીઓ બહાર લાવ્યો. થોડીવારમાં પોતાના માણસોને બોલાવી પેટીઓ ઊપડાવી નગર બહારના જીર્ણોદ્યાનમાં બધા પહોંચ્યા. ત્યાં તેણે બધાને થોડીવાર સૂઈ જવા કહ્યું. અગડદત્તને તેના વિષે શંકા હતી જ, આથી તે સૂવાનો ઢોંક કરતો પડ્યો રહ્યો. થોડીવાર પછી પરિવ્રાજક રૂપી ચોર તેના ઊંઘી ગયેલા માણસોને એક પછી એક એમ વારાફરતી મારી નાખવા લાગ્યો. તે દરમ્યાન આ બધું જોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અગડદત્ત ઊઠીને એક વૃક્ષ પાછલ છુપાઈ ગયો પરિવ્રાજક રૂપી ચોરની નજર ચુકવી અગડદત્તે તેના પર પ્રહાર કરી તેને મારી નાંખ્યો. અગડદત્તને પોતાની તલવાર આપતાં તેણે કહ્યું, 'સ્મશાનને છેવાડે આવેલા શાન્તિગૃહ પાસે અવાજ કરજે જેથી મારી બહેન આવશે. તેને મારી તલવાર તું આપજે, જેથી તે તારી પત્ની થશે અને તું મારા ભોંયરાનો સ્વામી થજે.'

અગડદત્ત તલવાર લઈ શાન્તિગૃહ પાસે ગયો. ત્યાં અવાજ કરતાં પેલા ચોરની સૌંદર્યવાન બહેન બહાર આવી. તલવાર જોઈ પોતાના ભાઈની હત્યા અને હત્યારાને ઓળખી ગઈ. બદલો લેવાના ક્રૂર આશયથી તેણે અગડદત્તને અંદર બોલાવી પલંગમાં બેસાડ્યો. તે ઊપરના માળે ચાલી ગઈ. અગડદત્તને તેના પર શંકા હોવાથી તે ઊઠીને દૂર જઈ ખૂણામાં ઊભો રહ્યો. થોડીવાર પછી ઊપરથી એક મોટી શિલા પલંગ પર પડી અને પલંગના ચૂરેચૂરા થઈ ગયા. બેનને તો પોતાના ભાઈનો હત્યારો માર્યાનો સંતોષ થયો. જેવી તે ઊપરથી નીચે આવી ત્યાં જ અગડદત્તે તેને ચોટલાથી પકડી લીધી. ચોરની બહેન, તથા ખજાનો વગેરે બધું લઈ તે રાજા પાસે ગયો. તેની વીરતા જોઈ રાજા પણ ખૂબ પ્રસન્ન થયો.

**અગડદત્તનું શ્યામદત્તા સાથે સ્વદેશગમન - ઉદ્યાનમાં શ્યામદત્તાનું સર્પદંશથી મૃત્યુ અને વિદ્યાધર દ્વારા પુનર્જીવન :**

પછી કોઈ એકવાર અગડદત્ત શ્યામદત્તાને લઈ ઉજ્જયિની જવા નીકળ્યો. વત્સજનપદના સરહદના ગામે પહોંચ્યાં ત્યારે ત્યાંના લોકોએ આગળ જતાં હાથી, વાઘ, દષ્ટિવિષ સર્પ અને અર્જુન ચોરનો મોટો ભય છે અને તેમાંથી બચવું મુશ્કેલ છે તેમ કહ્યું છતાં પણ પોતાની વીરતા અને બહાદુરીથી બધાનો સામનો કરતો અટવીમાંથી પસાર થઈ સલામત રીતે ઉજ્જયિની પહોંચ્યો. ઘરે પહોંચી માતાને મળી પરસ્પર ખુશ થયાં. રાજાને મળવા ગયો તો રાજાએ તેને પિતાનું કામ સોંપી બમણો શિરપાવ આપ્યો. એકવાર મદનોત્સવના પ્રસંગે રાજાએ નગરઉજાણીનો કાર્યક્રમ કર્યો ત્યારે અગડદત્ત શ્યામદત્તા, મિત્રો અને પરિવાર સહિત ઉદ્યાનમાં ક્રીડાર્થે ગયાં. સંધ્યા સમયે હીંડોળા પર હીંચતી શ્યામદત્તાને કાકોદર સર્પે ડંસ દીધો. તે નિશ્ચેતન થઈ ઢળી પડી. તે ખૂબ વિલાપ કરવા લાગ્યો. પરિજનો ઘરે ગયાં. રાત્રિએ વિદ્યાધર યુગલ ત્યાંથી પસાર થતું હતું ત્યારે તેણે વિલાપ કરતાં અગડદત્તને જોયો. કરુણાભાવે ત્યાં આવી વિલાપનું કારણ જાણ્યું. વિદ્યાધરે શ્યામદત્તાને સ્પર્શ કર્યો તો તે સજીવન થઈ અને વિદ્યાધર યુગલ ત્યાંથી વિદાય થયું. બન્ને દેવકુલમાં ગયાં. અગડદત્ત સ્મશાનમાંથી અગ્નિ લેવા ગયો તે પાછો ફર્યો ત્યારે તેના આવતા પૂર્વે તેણે દેવકુલમાં પ્રકાશ જોયો. તે અંગે પૃચ્છા કરતાં શ્યામદત્તાએ જણાવ્યું કે 'એ તો તમારા હાથમાં રહેલા અગ્નિનો પ્રકાશ દેવકુલમાં પડ્યો હતો.' પછી દીવો પ્રગટાવતી વખતે પોતાના હાથમાં રહેલી તલવાર અગડદત્તે શ્યામદત્તાને પકડવા આપી ત્યારે અચાનક તલવાર અગડદત્ત પાસે પડી. આમ તલવાર પડવાનું કારણ પૂછતાં શ્યામદત્તાએ કહ્યું, 'મને ગભરાટ થયો અને તલવાર હાથમાંથી સરી પડી.' પછી તેઓ સુખપૂર્વક દિવસો વીતાવવા લાગ્યાં.

**દઢધર્મ આદિ છ મુનિઓ સાથે મિલન :**

એકવાર અગડદત્ત રાજાના કામ અંગે દશપુરમાં ગયો. ત્યારે તપથી કૃશ થયેલા બે મુનિઓ તેને ત્યાં ભિક્ષાર્થે આવ્યા. અગડદત્તે તેઓને પ્રાસુક આહાર વહોરાવ્યો. પછી અગડદત્ત તેઓના દર્શનાર્થે ગયો. યૌવનાવસ્થામાં રહેલા તમે બધાએ કેમ દીક્ષા અંગીકાર કરી તેવો સવાલ અગડદત્તે પૂછતાં તેઓમાંના મોટા મુનિએ કહ્યું, 'એકવાર એક તરુણ અમે તરુણી રથમાં બેસી અટવીમાંથી પસાર થતા હતાં ત્યારે તરુણે અમારા અર્જુન ચોર નામે સેનાપતિને માર્યો તેનો બદલો લેવા અમે તરુણનો પીછો કર્યો. નગરઉજાણીના પ્રસંગે તરુણને મારી નાખવાના આશયથી નજીક રહેલા દેવકુળમાં અમે છુપાઈ રહ્યા. ત્યારે સંધ્યાસમયે તરુણીને એકાએક સર્પ કરડ્યો અને તે મરી ગઈ. તરુણ વિલાપ કરતો તેની પાછળ મરવા તૈયાર થયો ત્યારે વિદ્યાધરે તેને સજીવન કરી. તરુણીને દેવકુળમાં રાખી તરુણ અગ્નિ લેવા ગયો ત્યારે અમારામાંના નાનાએ તરુણીને કહ્યું, 'અમે તારા પતિને મારી નાખીશું અને તને ઉપાડી જઈશું. જો તું આ વાત તારા પતિને કરીશ તો તને પણ મારી નાંખીશું.' ત્યારે તરુણીએ કહ્યું, 'તમારે મારા પતિનો વધ કરવાની જરૂર નથી. અગ્નિ પ્રગટાવવા તે મને તેની તલવાર પકડવા આપશે ત્યારે હું જ તેનો વધ કરી નાખીશ અને તમે મને તમારી સાથે લઈ જજો.' તરુણ આવ્યો અને તરુણીના હાથમાં તલવાર આપી. ત્યારે જેવી તે તરુણનો વધ કરવા તલવાર ઉગામવા ગઈ કે તરત જ છુપાઈ રહેલા નાનાએ તેના હાથ પર ચોટ લગાવી જેથી તે તેનું નિશાન ચૂકી ગઈ અને તલવાર તરુણની નજીક જઈ પડી અને તરુણ બચી ગયો.આ જોઈ અમને સ્ત્રીનું ચરિત સમજાયું કે પોતાની પાછળ મરવા તૈયાર થયેલા પતિની પણ સ્ત્રી હત્યા કરી શકે છે. આમ વિચારતાં અમને સંસારની અસારતા સમજાઈ અને અમે દીક્ષા અંગીકાર કરી.'

**અગડદત્તનો વૈરાગ્ય અને દીક્ષા :**

સાધુઓના વાત સાંભળી, તે તરુણ એટલે પોતે જ અને તરુણી તે શ્યામદત્તા - તેવું તે સમજી ગયો. પોતાની સ્ત્રી આટલી બેવફા છે જાણી સ્ત્રી પરની તેની શ્રદ્ધા નાશ પામી. તેનામાં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તે સાધુના ચરણોમાં ઢળી પડ્યો. તેણે દીક્ષા અંગીકાર કરી, મહાવ્રતો ધારણ કર્યાં, તપશ્ચર્યા કરી અને દેવલોક પ્રાપ્ત કર્યું.

આ રીતે કુશલલાભ કૃત ૧૬મી સદીમાં રચિત 'અગડદત્ત રાસ' એ પ્રાકૃતભાષામાં ઈ. સ. પાંચમાં સૈકામાં રચાયેલ 'વસુદેવહિંડી' અંતર્ગત પ્રાપ્ત થતી 'અગડદત્ત કથા'નું વિકસિત રૂપ છે. આથી તે કથા તથા રાસની તુલના નિમ્નલિખિત કથા પ્રસંગો દ્વારા કરી શકાય છે.

(૧) **અગડદત્તનો પરિચય** : વ. હિં. અંતર્ગત પ્રાપ્ત કથામાં અગડદત્ત ઉજ્જયિની નગરીના સારથી અમોઘરથના પુત્ર[૧૫] છે. જ્યારે કુશલલાભ કૃત રાસમાં અગડદત્ત વસંતપુરના સેનાપતિ સુરસેનનો પુત્ર છે.[૧૬] કથામાં અગડદત્તની માતાનું નામ યશોમતી છે જ્યારે રાસમાં તેની માતાના નામનો કોઈ નિર્દેશ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) **અગડદત્તની શિક્ષા :** માતા પતિના મૃત્યુથી દુઃખી છે. અને પુત્રને પિતા જેવો શસ્ત્રમાં પારંગત બનાવવા શસ્ત્રવિદ્યા શીખવા માટે તેને કૌશીબામાં રહેતા પોતાના પતિના પરમમિત્ર અને સહાધ્યાયી દઢપ્રહારીને ત્યાં મોકલે છે.[૧૭] રાસમાં તેની માતા પતિના મૃત્યુના શોક ઉપરાંત પોતાનો અનાદર થતો જોઈ અભંગસેન સાથે બદલો લેવાની ભાવના સેવે છે. સ્વર્ગીય પતિની ઇચ્છા પુત્રને શસ્ત્રમાં પારંગત બનાવવાની હોઈ તેમના મિત્ર ઉપાધ્યાય સોમદત્ત પાસે ચંપાપુર મોકલે છે.[૧૮]

(૩) **નાયિકાનું નામ :** કથામાં નાયિકાનું નામ શ્યામદત્તા છે જ્યારે રાસમાં નાયિકાનું નામ મદનમંજરી[૧૯] છે જે તેના વર્ણિત રૂપસૌંદર્યને અનુરૂપ અને પ્રમાણાત્મક લાગે છે.

(૪) **નાયિકાનું પ્રણયનિવેદન :** કથામાં નાયિકા શ્યામદત્તા વૃક્ષ વાટિકામાં સ્વરૂપવાન અગડદત્તને જોઈ પોતે મોહી જાય છે અને પોતાનો સ્વીકાર કરવા અનુરોધ કરે છે. તેટલો જ ઉલ્લેખમાત્ર છે. જ્યારે રાસમાં આ કથા વિસ્તૃત રૂપ ધારણ કરે છે. તેમાં નાયિકા મદનમંજરી વૃક્ષવાટિકામાં નાયકને જોઈ તેના પર મુગ્ધ થાય છે. ઝરૂખાગાંથી ઝાડની ડાળીએ ડાળીએ કુદતી તેની પાસે પહોંચી પ્રણય નિવેદન કરે છે. આ પ્રણયનું કારણ તેના પતિનું વિદેશગમન[૨૦] છે તેમ દર્શાવવામાં આવ્યું છે.

(૫) **અગડદત્તનો વિવાહ :** કથામાં અગડદત્ત–શ્યામદત્તાનો વિવાહ થયાનો કોઈ ઉલ્લેખ નથી. અગડદત્ત શ્યામદત્તાને લઈ ઉજ્જયિની જાય છે તેટલો માત્ર નિર્દેશ છે. જ્યારે રાસમાં અગડદત્ત-મદનમંજરીના વિવાહનો પ્રસ્તાવ લઈ શૂરસેન રાજા પાસે જાય છે. ત્યારે અગડદત્ત ઉપદ્રવી ચોરને પકડી મારી નાંખી તેનો ખજાનો રાજાને ભેટ ધરે છે અને મદોન્મત્ત હાથીને અંકુશિત કરે છે ત્યારે રાજા પોતે જ તેઓનાં લગ્ન કરાવી આપે છે તેવો ઉલ્લેખ છે.[૨૧] જેથી કથાના રસપ્રવાહને સરળતાથી આગળ ધપાવી વાંચનારના દિલમાં સાહસિક અગડદત્ત પ્રત્યેના માનમાં વૃદ્ધિ કરે છે.

(૬) **અગડદત્તનું સ્વદેશ પાછા આવવું :** કથામાં અગડદત્ત શ્યામદત્તા સાથે ઉજ્જયિની પાછો ફરે છે તેમાં અટવીનું ભયાનક, બિહામણું વર્ણન છે. જેમાં અગડદત્ત પાખંડી પરિવ્રાજકરૂપી ચોર, હાથી, વાઘ, દષ્ટિવિષ સર્પ અને અર્જુન નામે ભયાનક ચોર જેવાં સંકટોનો સામનો કરી હેમખેમ પાર ઊતરે છે તેવો ઉલ્લેખ છે. જ્યારે રાસમાં કથા જેવાં અને જેટલાં ભયાનક, બિહામણાં વર્ણનો નથી. તેમાં નદી, સિંહ, સર્પ અને ચોર જેવાં ચાર સંકટોનો ઉલ્લેખ કરેલો છે જેમાંથી ચોર અને સર્પ-એમ બે સંકટો સમાન છે અને બાકીનાં સંકટો ભિન્ન મળી આવે છે.

(૭) **અભંગસેન વધ :** કથામાં શિક્ષા પ્રાપ્ત કરી પાછાં ફરતાં અગડદત્તે તેના પિતાના હત્યારાની હત્યા કરી કે તેની સાથે દ્વંદ્વ યુદ્ધ કર્યું તેવો કોઈ ઉલ્લેખ નથી. જ્યારે રાસમાં કથા વિકાસ પામે છે. કથાને રોચક બનાવવા અગડદત્ત શિક્ષા પ્રાપ્ત કરી વસંતપુર પાછો ફરે છે ત્યારે પિતાના હત્યારા અભંગસેનને સ્વાગતાર્થે સરોવર પાસે આમંત્રિત કરે છે. તેની સાથે દ્વંદ્વયુદ્ધ કરી તેને મારી નાખે છે તેવો ઉલ્લેક મળે છે.[૨૨]

(૮) **વિદ્યાધર અને નાયિકા :** કથામાં નગર ઉજાણીના પ્રસંગે નાયિકા શ્યામદત્તાને નાગ ડંસ દે છે ત્યારે તે મૃત્યુ પામે છે. અગડદત્તને વિલાપ કરતો જોઈ ત્યાંથી પસાર થનાર વિદ્યાધર યુગલ કટુણાઆવે ત્યાં આવે છે અને એને સજીવન કરે છે.[૨૩] તેવો ઉલ્લેખ છે જ્યારે રાસમાં આ કથાને એક નવો જ વળાંક મળે છે. સરોવર કિનારે અગડદત્તની ગેરહાજરીમાં નાયિકા મદનમંજરી પરપુરુષ સાથે સંભોગ કરે છે. ત્યાંથી પસાર થતો એક વિદ્યાધર આ જુએ છે તેથી દુઃખી અને ગુસ્સે થાય છે. મદનમંજરીને શિક્ષા કરવા તે નીચે ઉતરી આવે છે.[૩] તે દરમ્યાન એક કાળોતરો સર્પ તેને ડંસ દે છે અને તે મૃત્યુ પામે છે. તે જોઈ વિદ્યાધર તેને યોગ્ય શિક્ષા થયાનો સંતોષ અનુભવે છે. મદનમંજરીના દુષ્ચરિત્રથી અજાણ એવો અગડદત્ત તેની પાછળ બળી મરવા તૈયાર થાય છે ત્યારે અગડદત્તની કરુણાર્દ્ર વિનતીથી વિદ્યાધરે ના છૂટકે મદનમંજરીને સજીવન કરી બચાવી છે તેવો ઉલ્લેખ મળી આવે છે જે કથાને રોચક અને મર્મીલી બનાવે છે.

(૯) કથામાં વિદ્યાધર યુગલનો ઉલ્લેખ છે જ્યારે રાસમાં એક વિદ્યાધરનો ઉલ્લેખ છે.

(૧૦) કથામાં નાયક-નાયિકાનાં સુંદર રોમાંચક નખ-શિખ વર્ણનો છે. તેમાં અનેક ઉપમા, ઉપમેય અને રૂપકો દ્વારા પ્રાકૃતિક વર્ણનો તથા અટવીનાં ભયાનક વર્ણનો કરવામાં આવેલાં છે. જ્યારે રાસમાં વિસ્તૃત વર્ણનોને સ્થાન આપવામાં આવ્યું નથી. કથાને પરંતુ રોચક અને ધાર્મિક બનાવવાનો પ્રયત્ન કરેલો જણાય છે.

(૧૧) **અગડદત્તન દીધા :** કથામાં અગડદત્ત દીક્ષિત થઈ પોતાના ચરિત્રનું સ્વયં આત્મવૃતાંત કહે છે. જ્યારે રાસમાં અગડદત્ત દેવસ્થાનમાં મળેલા ચોરોના નાયક દ્વારા પોતાનું ચરિત્ર સાંભળી સંસારની અસારતા અને સ્ત્રીચરિત્રની વિષમતા જાણી દીક્ષા અંગીકાર કરે છે તેઓ ઉલ્લેક મળી આવે છે.

આમ અગડદત્તકથા સાથે અગડદત્ત રાસનાં પ્રસંગોપાત્તની તુલના કરતાં કથાકાર કરતાં રાસકારે અનેક સ્થાને સુધારો - વધારો સ-રસ અને રોચક બનાવી છે એમ કહી શકાય છે.

## સંદર્ભસૂચિ

૧ શ્રી ભવરલાલ નાહટા, અગડત્ત કથા અને તત્સંબંધી જૈન સાહિત્ય, વરદા, વર્ષ ૨ અંકડ ૩ પૃ છ ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨ ડો. જે. સી. જૈન, પ્રાકૃત જૈન કથા સાહિત્ય પૃ. ૧૧

૩ રાજસ્થાન પ્રાપ્યવિદ્યા પ્રતિષ્ઠા, જોધપુર, ઇ મિ. ગ્રં. (૨૭૨ ૩૩)

૪ તે જ ગ્રથાંક, ૧૧૨૪

૫ ભંડારકર પ્રાચ્યવિદ્યા મંદિર, પૂના, હ. ઝ. ૬૦૫. પ્રાચ્ય વિદ્યામંદિર વડોદરા હ. ગ્રં. ૧૪૨૮૯

૬ વરદા વર્ષ ૧૨, અંક - ૩ પૃ. ૨

૭ સંઘ ભંડાર, પાલનપુર પ્રશ્ન ક્રમાંક દાબડા ૪૬, પૃ. ૨૩

૮ સીમંધર સ્વામી જીપ ભંડાર, સુરત. દા. ૨૪

૯ નાહરાજીનો અભય જૈન ગ્રંથાલય સંગ્રહ

૧૦ સેંટ્રલ લાયબ્રેરી વડોદરા પોથી ૫૩૨૫ દાબડા ૮૦ (પ્રતક્રમાંક ૩૭

૧૧ હાલાભાઈ ભંડાર, પાટણ.

૧૨ નાહાટજી ભંડાર, અભય જૈન સંગ્રહ ગ્રંથાલય

૧૩ ભાડાસ્કર ઇન્ટિસ્ટૂટ, પૂના,

૧૪ નાહટજી ભંડાર, અભયજૈન સંગ્રહ ગ્રંથાલય

૧૫ શ્રી સંઘદાસ ગણિ-વાચક રચિત વસુદેવહિંડી અનુ. ભોગીલાલ સાંડેસરા, પ્રકા. ગુજ. સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૧૯૮૮ પૃ. ૫૪

૧૬ 'વસન્તપુર સેનાપતિ જેહ, સૂરસેન નડ મંદન એક' ચો. ૫૫ ભંડારકર પ્રાચ્ય વિદ્યામંદિર પૂના ગ્રં. ૬૦૫.

૧૭ વસુદેવહિંડી-અનુ ભોગીલાલ સોડેસરા, ગુજ. સાહિ. અકાદમી. ગાંધીનગર પૃ. ૫૪

૧૮ ભાંડારકર પ્રાચ્યવિદ્યા મંદિર પૂના ગ્રં - ૬૦૫, ચોપઈ ૨૫ - ૨૭

૧૯ **इणा अवसरि वाडी नह पासि, सागरसेठी तवाऽ आवासा । ३६**
**साहमइ ऋषि सेठि कुंअरी, सेह नऽ नाम मदनमंजरी ॥ ३७**

૨૦ અગડદત્તરાસ : ભાંડારકર પ્રા. વિ. મં. પૂના ગ્રં. ૬૦૫, ચો (૫૪-૫૬)

૨૧ અગડદત્ત રાસ : ભાંડારકર પ્રા. વિ. મંડળ પૂના, ગ્રંથ-૬૫ ચો.૧૩૫-૧૩૬

૨૨ અગડદત્તરાસ : ભાંડારકર પ્રા. વિ. મંદિર પૂના, ૬૦૫ ચો - ૨૩૫ - ૨૩૭

૨૩ વાસુદેવંહિડી : અનુ ભોગીલાલ સાંડેસરા સા: અકા. ૧૯૫૫ પૃ. ૭૦

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org